# પ્રસાર ભારતી
# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-02-2025 Day : Firday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિની કચ્છ મુલાકાત

**રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ આજે અને આવતીકાલે કચ્છની મુલાકાતે છે. આજે તેઓ બપોરે સ્મૃતિવન મ્યૂઝિયમ એન્ડ મેમોરિયલની મુલાકાત લેશે. બાદમાં ધોરડો પહોંચશે. જ્યાં રણોત્સવ ટેન્ટ સિટી ખાતે કચ્છના સ્થાનિક કારીગરો સાથે સંવાદ કરશે, ક્રાફ્ટ સ્ટોલની મુલાકાત લેશે. અને સફેદ રણમાં સૂર્યાસ્ત નિહાળશે. ત્યારબાદ સફેદ રણ ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિવિધ પ્રસ્તુતિઓને નિહાળશે.**

**આવતીકાલે સવારે તેઓ વિશ્વ વારસાના સ્થળ ધોળાવીરા સાઈટની મુલાકાત લેશે. ત્યારબાદ બપોરે ભુજ પહોંચીને દિલ્હી જવા પ્રસ્થાન કરશે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુની કચ્છ મુલાકાત દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કચ્છના જિલ્લાના પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયા ઉપસ્થિત રહેશે.**

-----------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ – NID પદવીદાન સમારોહ

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગઈકાલે અમદાવાદની રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા-NIDના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થા NIDનો 44મો પદવીદાન સમારોહ યોજાયો. આ પ્રસંગે શ્રીમતી મુર્મૂએ આધુનિક પ્રશ્નોના નવતર ઉકેલ શોધવામાં ડિઝાઇન ક્ષેત્રની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું. દરમિયાન રાષ્ટ્રપતિના હસ્તે શ્રેષ્ઠ ડિઝાઇન માટે NIDના બે વિધાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત ડિઝાઇન ક્ષેત્રે આપેલ નોંધપાત્ર પ્રદાન બદલ NIDના બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પણ રાષ્ટ્રપતિના હસ્તે**

**સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.**

**ઉલ્લેખનીય છે કે ગુજરાતની ચાર દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ગઈકાલે પ્રતિષ્ઠિત સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધી અને લોખંડી પુરુષ સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિશ્રીએ એકતા નગર ખાતે જંગલ સફારી કરી અને વિવિધ વન્યજીવોને નિહાળ્યા હતા. તેમણે કેવડિયામાં રાજ્યના સૌથી વિશાળ સરદાર સરોવર ડેમની પણ મુલાકાત લીધી. બાદમાં, રાષ્ટ્રપતિએ એકતા નગરમાં એકતા કૌશલ્ય વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી અને તાલીમાર્થીઓ સાથે વાતચીત કરી.**

---

## રાષ્ટ્રપતિની સુરક્ષા માટે જિલ્લાની એજન્સીઓ સતર્ક

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની કચ્છ મુલાકાતને પગલે સુરક્ષા વ્યવસ્થા માટે તમામ તબક્કે એજન્સીઓ સતર્ક બની છે. ભુજ, ધોરડો, અને ધોળાવીરા વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો છે. સરહદી વિસ્તારમાં બીએસએફ સહિતની એજન્સીઓ પણ સતર્ક બની છે.**

**દરમિયાન, ગઈકાલે અબડાસા તાલુકાના દરિયાઈ કાંઠા વિસ્તારમાં એજન્સીઓ દ્વારા દરિયામાં હોવર ક્રાફ્ટ, પાણીમાં ચાલી શકે તેવી ગાડીઓ ઉતારી સુરક્ષા કવાયત કરવામાં આવી હતી. તેમજ દરિયા કાંઠે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા સાથે સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે તૈયારી કરવામાં આવી હતી.**

---

## જાહેરનામું

જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા જારી કરાયેલ જાહેરનામાં મુજબ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુની કચ્છ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિની સુરક્ષા અને તેમની સલામતી વ્યવસ્થાના ભાગરૂપે કાર્યક્રમ સ્થળના વિસ્તારમાં “નો ડ્રોન ફલાય ઝોન” જાહેર કરાયો છે. જે અન્વયે કોઈ પણ પ્રકારના ડ્રોન, ઈલેક્ટ્રોનિક કે અન્ય હવામાં ઉડી શકે તેવા સાધનોને આ વિસ્તારમાં ઉફ્યન માટે પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યા છે.

દરમિયાન, રાષ્ટ્રપતિ વૈશ્વિક ધરોહર સાઇટ ધોળાવીરાની મુલાકાત લેશે. આ અન્વયે ધોળાવીરા સાઈટ આજથી ત્રણ દિવસ મુલાકાતીઓ તથા પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવી છે. આ ઉપરાંત રાષ્ક્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખી આજે શુક્રવારે સ્મૃતિવન મેમોરિયલ અને સંગ્રહાલય દરેક મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે આવતીકાલથી રાબેતા મુજબ ચાલુ રહેશે તેમ જણાવાયું છે.

---

## બોર્ડ પરીક્ષાઓ – જિલ્લાનું ચિત્ર

વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે અગત્યની એવી ધોરણ 10 અને 12ની બોર્ડ પરીક્ષાનો જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલ સાથે પ્રારભ થયો હતો, જેમાં પ્રથમ દિને કુલ્લ 30 હજાર 818 છાત્રોએ પરીક્ષા આપી હતી, ધોરણ 10નુ ગુજરાતીનો પેપર એકંદરે સરળ નીકળતાં વિદ્યાર્થીઓના ચહેરાઓ પર સ્મિત જોવા મળ્યું હતું.

સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લાના ભુજ, ગાંધીધામ અને નખત્રાણા એમ ત્રણ ઝોન ખાતે પ્રારંભ થયો હતો. ધોરણ 10મા પ્રથમ ભાષાઓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ અને સંસ્કૃત પાઠશાળાના સાહિત્યમના પેપરમાં કુલ 22 હજાર 377 છાત્રો હાજર રહ્યા હતા. તો 552 ગેરહાજર રહ્યા હતા તેમજ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન વિષયના પેપરમાં 1 હજાર 392માંથી 1 હજાર 378 છાત્રો હાજર અને સામાન્ય પ્રવાહના અર્થશાત્રમાં 11,505 માંથી 11,347 અને એન્ટરપ્રિન્યોરશિપ પેપરમાં 11 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી.

---

# વિધાનસભામાં અપાયેલી માહિતી

**ગુજરાતનાં વિધાનસભા ગૃહમાં ગઈકાલે અનેક મહત્વના મુદ્દે પ્રશ્નોતરી કરાઇ હતી, વિધાનસભા ગૃહમાં જવાબ આપતા ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં વર્ષ 2024માં ઔદ્યોગિક એકમોના શ્રમિકોની 51 ફરિયાદો સામે 25 લાખ રૂપિયાથી વધુની ચૂકવણી કરાવાઈ છે.**

**---------------------------------------------------------------------------------**